# કિસાન કલ્યાણ મહોત્સવ ૨૦૧૮, ગઢડા (જી. બોટાડ)

બોટાદ જીલ્લા કક્ષાનો કિસાન કલ્યાણ મહોત્સવ એ.પી.એમ.સી., ગઢડા ખાતે તા. ૦૨–૦૫–૨૦૧૮ના રોજ યોજાયો. જેમાં ખેડુતો ૧૦૨૫ પુરુષ અને ૪૯૦ સ્ત્રી હાજર રહેલ હતા. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે માન. સાંસદ, શ્રી શંભુપ્રસાદ ટુંડીયા, ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણી, બોટાદ જીલ્લાના કલેકટરશ્રી તથા ડીડીઓશ્રી અને આણંદ કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો ડો. આર.આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય શાકભાજી સંશોધન કેન્દ્ર, ડો. એ. જે. ધામી, પ્રાધ્યાપક અને વડા, ગાયનેકોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, ડો. ડી. એસ. નૌરિયલ, પ્રાધ્યાપક, વેટરનરી કોલેજ, ડો. એ. એચ. જાના, પ્રાધ્યાપક, ડેરી વિજ્ઞાન કોલેજ, ડો. જી.બી. ચૌધરી, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, કૃષિ સંશોધન કેન્દ્ર, અરણેજ, ડો. સુમિત દત્તા, સહપ્રાધ્યાપક, એફ.પી.ટી, જીલ્લા નોડલ વૈજ્ઞાનિક, શ્રી રામ નિવાસ ચૌધરી, તેમજ બોટાદ જિલ્લા ખેતીવાડી અધિકારી, શ્રી એન. જે. ગોહિલ હાજર રહયા હતા.

કાર્યક્રમના સમારંભમાં શાબ્દિક સ્વાગત ડીડીઓશ્રી ધ્વારા કરવામાં આવ્યું. ત્યારબાદ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું. કાર્યક્રમની શરુઆતમાં તાલુકા નોડલ વૈજ્ઞાનિકશ્રી જી. બી. ચૌધરીએ ખેડુતોને પાકોમાં પોષણ વ્યવસ્થાપન, કપાસ પાકની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ, સોઈલ હેલ્થ કાર્ડ તેમજ તેનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સમજ આપી તેથી ખેડુતો ખેતીમાં અનઆવશ્યક ખાતરનો ખર્ચ ઘટાડી શકે અને વધુ ઉત્પાદન મેળવી શકે આ સાથેસાથે સુક્ષ્મપોષક તત્વો તેમજ ડ્રીપ ઈરીગેશન વિશે જાણકારી આપી. જિલ્લા ખેતીવાડી અધિકારી, શ્રી ગોહિલ સાહેબે સરકારશ્રી ધ્વારા ચાલતી ખેડુતોપયોગી યોજનાઓનો કેવી રીતે લાભ લઈ શકાય તે વિશે જાણકારી આપી. માન. સાસદ સભ્ય શ્રી શંભુપ્રાસદે શાબ્દિક પ્રવચનમાં કૃષિ વિષયક આધુનિકતા તરફ વળવા હાકલ કરી પ્રોત્સાહિત કર્યા હતા. ગુજકોમાસોલના ચેરમેન શ્રી દિલિપભાઈ સંઘાણીએ ખેડુતોને આધુનિક ખેતી અપનાવી સરકારશ્રીની યોજનાઓનો લાભ લેવાનું જણાવ્યું.

ડો. આર. આર. આચાર્ય, સંશોધન વૈજ્ઞાનિક, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ધ્વારા સેન્દ્રીય ખાતર બનાવવાની પધ્ધતિ અને તેના ઉપયોગ, વર્મીકમ્પોષ્ટ, એફ.વાય.એમ. અને સજીવ ખેતીનું આધુનિક ખેતી પધ્ધતિમાં ઉપયોગ વિશે તથા શાકભાજી અને બાગાયતી પાકોની ખેતીપધ્ધતિની જાણકારી આપી જેથી ખેડુતોની આવકમાં વધારો થઈ શકે.

ખેતીની સાથેસાથે પશુપાલન એક વ્યવસાય, સ્વચ્છ દૂધ ઉત્પાદન, દૂધનું ઉત્પાદન કેવી રીતે વધારી શકાય, સારી જાતની ઓલાદ માટે યોગ્ય બ્રીડની પસંદગી, પશુઓની કાળજી કેવી રીતે રાખવી અને પશુપોષણની આધુનિક જાણકારી ડો. એ. જે. ધામી, પ્રાધ્યાપક અને વડા, ગાયનેકોલોજી વિભાગ, વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ ધ્વારા આપવામાં આવી.

સદર કાર્યક્રમ દરમ્યાન આણંદ કૃષિ યુનિવર્સિટી ધ્વારા સ્ટોલ ગોઠવવામાં આવેલ હતો. સ્ટોલ ઉપર આવતા ખેડુતોને યુનિવર્સિટી ધ્વારા બહાર પાડવામાં આવેલ ડયુરમ ઘઉંની નવી જાત જીએડીડબલ્યુ–૩ ની વિસ્તૃત જાણકારી તથા કપાસની ખેતી પધ્ધતિ તેમજ સોઈલ હેલ્થ કાર્ડની પણ ખેડુતોને જાણકારી જીલ્લા નોડલ વૈજ્ઞાનિક, શ્રી રામનિવાસ ચૌધરી, કૃષિ સંશોધન કેન્દ્ર, આકૃયુ, ધંધુકા ધ્વારા આપવામાં આવી તેમજ ખેડુતો ધ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના સંતોષકકારક જવાબ આપ્યા.


ગ્રામ સ્વરાજ અભિયાન
કિસાન કલ્યાણ મહોત્સવ - ૨૦૧૮
તારીખ : ૦૨ મે, ૨૦૧૮, બુધવાર


ગ્રામ સ્વરાજ અભિયાન
કિસાન કલ્યાણ મહોત્સવ - ૨૦૧૮
તારીખ : ૦૨ મે, ૨૦૧૮, બુધવાર






તારીખ : ૦૨
સ્થળ : એ.પી.એમ.સી.




AAU
આણંદ કૃષિ યુનિવર્સિટી



